**CRMA J NO**. 13371/2026

**સચીન જી.આઇ.ડી.સી. પો.સ્ટે. પાર્ટ–એ ગુના રજી. નં. –૧૧૨૧૦૦૦૨૨૬૨૬૦૨/૨૦૨૬**

ફરીયાદી – સરકાર શ્રી
**વિરુદ્ધ**
આરોપી – પ્યારે મોહન લલ્લનપ્રસાદ મિશ્રા, ઉ.વ.આ. ૬૭, રહે. મકાન નં. બી/૨૫૦, લક્ષ્મીવિલા સોસાયટી, સિધ્ધી ગણેશ પાસે, સચીન જી.આઇ.ડી.સી. સુરત શહેર, મૂળ વતન : ગામ હસીયા, પોસ્ટ સરસરા, થાણા બરસઠી, જી. જોનપુર (ઉત્તરપ્રદેશ)

**જામીન અરજી હેઠળ હુકમ**

(૧) આ કામનાં અરજદાર/આરોપીની હાલની જામીન અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. બચાવ પક્ષે વિ.વકીલશ્રી તથા ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા. તથા ફરીયાદ પક્ષે મૂળ ફરીયાદી તથા ભોગબનનાર તરફે રજુ થયેલ વાંધા/સોગંદનામું વંચાણે લીધું. બનાવ અંગેની ટુંકમાં હકીકત ધ્યાને લઇએ તો આ કામનાં આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૩૧૮(૨), ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨), ૬૧(૨)(એ) મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

(૨) બચાવપક્ષે વિ.વકીલશ્રીની એવી દલીલ છે કે, અમો અરજદાર/આરોપીને સદર ગુનામાં ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી કહેવાતા ગુનામાં સંડોવાયેલ નથી કે, સંકળાયેલ હોય તેવી હકીકત જણાઇ આવી નથી. અમો અરજદાર/આરોપીને કહેવાતા ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે અને ખોટી રીતે ધરપડક કરેલ છે. વધુમા જણાવેલ છે કે, ધરપકડ કરતા પહેલા પોલીસે બી.એન.એસ.એસ. ની કલમ– ૩૫ મુજબની નોટીસ આપવી પડે અને ધરપકડ કરવાના કારણોની નોંધ કરવી પડે. આ કામે તપાસ કરનાર અમલદારે ધરપકડના કારણોની નોંધ કરેલ નથી અને તે રીતે અરજદાર/આરોપીની ધરપડક ગેરબંધારણીય છે. ફરીયાદપક્ષ દ્વારા ઈરાદાપૂર્વક કોઇ પણ પ્રથમદર્શનીય પુરાવા વિના ખોટા દસ્તાવેજી પુરાવા ઉભા કરેલ છે. અરજદાર/આરોપી વરીષ્ઠ નાગરીક છે અને તે બ્લડપ્રેશર અને સુગર, કીડની અને હદયની બિમારથી પીડાય છે અને તેની સારવાર ચાલુ છે. અરજદાર/આરોપી એફ.આઇ.આર.માં સાક્ષી તરીકે દર્શાવેલ છે તેમણે કોઇ રકમ લીધી નથી કે તેઓ વ્યવહારમાં પણ સામેલ ન હતા. અરજદાર/આરોપી બીજી કોઇ જામીન અરજી અન્ય કોઇ કોર્ટ કે, હાઇકોર્ટમાં કરેલ નથી કે, પેન્ડીંગ નથી. અરજદાર/આરોપીની સદર કેસમાં કોઇ ભુમીકા નથી. અરજદાર/આરોપી નિર્દોષ છે અને તપાસમાં પુરેપુરો સાથ સહકાર આપશે, તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન પર મુક્ત કરવા નમ્ર અરજ છે. સદર ગુનામાં સજાની જોગવાઈ જોતા સાત વર્ષની સજાવાળો ગુનો છે. સદર કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા નામ. કોર્ટને છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામાં નામ.કોર્ટને જામીન મુકત કરવાની સત્તા રહેલ છે. અરજદાર/આરોપી સ્થાનીક રહેવાસી છે. વધુમાં નામ.અદાલત ધ્વારા જે કોઈ શરત ફરમાવવામાં આવશે તે તમામ શરતોનું નિયમીતપણે પાલન કરશે, જે તમામ હકીકત ધ્યાને લઈ હાલની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી દવારા એવી રજુઆત છે કે, આ કામના આરોપી સામે આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીને કેદની સજાને પાત્ર ગંભીર ગુનાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય ગુનો

બને છે. આ કામના આરોપી સામે આક્ષપાયેલ ગુનાની ગંભીરતા ધ્યાને લઈ, આવા ગુનામાં આ કામનાં આરોપીને જો સહેલાયથી જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આવા ગુના કરવાવાળાને પ્રોત્સાહન મળશે અને સમાજમા તેની વિપરીત અસર થશે, જે તમામ હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીનાં જામીન અરજી ના–મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) બંને પક્ષોની રજુઆતો ધ્યાને લીધી, એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો તથા ફરીયાદ પક્ષે મૂળ ફરીયાદી તથા ભોગબનનારનું સોગંદનામું વંચાણે લીધું. કેસનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ– ૩૩૮ મુજબના ગુનાનું તહોમત છે અને સદર ગુનાના કામે સજાની જોગવાઇ ધ્યાને લેતા આજીવન કેદ અથવા દસ વર્ષ સુધીની કેદની સજાની જોગવાઇ છે. આ સંજોગોમાં બચાવ પક્ષે બી.એન.એસ.એસ.ની કલમ– ૩૫ ની જોગવાઇઓનો ભંગ થયેલ હોવાની જે રજુઆત કરેલ છે તે માની શકાય તેમ નથી. વધુમાં આરોપીએ પોતે બિમાર હોય તે બાબતના કોઇ મેડીકલ પેપર્સ આ કામે રજુ કરેલ નથી. આ સંજોગોમા આરોપીને હૃદયની તથા બી.પી.ની તથા ડાયાબીટીસની જે તકલીફ હોવાની રજુઆત કરેલ છે તે માની શકાય તેમ નથી. આ સંજોગોમાં સદર ગુનાના કામે સજાની જોગવાઇ તેમજ આરોપીની ભૂમીકા ધ્યાને લેતા આ કામના આરોપીને જામીન ઉપર મુકત કરવાનું ન્યાયી અને ઉચિત જણાતુ ન હોઇ ન્યાયના હિતમાં હાલના આરોપીની જામીન અરજી લગત નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

– હાલની જામીન અરજી **ના–મંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૨/૦૮/૨૦૨૬
મુ.સુરત.

(એચ.એ.બારડ)
ઇ/ચા ચોથા એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સુરત.
જજ કોડ નં.જી.જે.૦૦૧૨૩૪